सत्यमेव जयते

# રાજકોટના ૯ માં અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.રાજકોટ

**Thorala Police station**
**F.I.R. No.11208056240037/2024**
ફોજદારી કેસ નંબર : ૨૬૦૯/૨૦૨૪
આંક :–

ફરીયાદી :– શ્રી સરકાર...

–:: વિરૂઘ્ધ ::–

આરોપી :– ૧) કમલેશભાઈ ઉર્ફે કૈલાષ ઉર્ફે કૈલો દોલુભાઈ મોરી
રહે.જયનગર શેરી નં.૧ ની સામે મ.પરા,
હાઉસીંગ બોર્ડના કવાટરથી આગળ,
કોઠારીયા મે.રોડ, રાજકોટ
૨) વીશાલ હંસરાજભાઈ બેલદાર
રહે.ભગવતી નીવાસ, શ્રમજીવી સોસા. શેરી નં.૭,
પાલન પાનની સામે, ભાવનગર રોડ, રાજકોટ.
૩) વીમલભાઈ રાજેશભાઈ બેલદાર
રહે.ભગવતી નીવાસ, શ્રમજીવી સોસા.શેરી નં.૭,
ચુનારાવાડ, રાજકોટ.
૪) કરણભાઈ ચુનીલાલ પરમાર
રહે.ચુનારાવાડ શેરી નં.૧,
રામનાથ મંદીર સામે, રાજકોટ.

**ગુન્હો:– ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૩૭, ૪૨૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટ–૧૩૫(૧) મુજબ**

// ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. આર. એન. ગોસાઈ//
// આરોપી તરફે વિ.વ.શ્રી. આર. એમ. વાઘેલા //

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૫/૦૧/૨૦૨૪ ના કલાક–૦૦:૪૫ વાગ્યાના અરસામાં આ કામના આરોપી નં.૧ થી ૪ નાઓ ફરીયાદીના ઘર પાસે શેરીમાં આવી જેમ ફાવે તેમ જાહેરમાં અપશબ્દો બોલી છુટા પથ્થરના ઘા કરી ફરીયાદીના રહેણાંક મકાનની બે ડેલીના દરવાજામા તથા એક એકટીવા મો.સા. નંબર જીજે ૦૩ એનએ ૯૭૨૨ મા તથા બુલેટ મો.સા. નંબર જીજે ૦૩ એલપી ૦૦૨૦ માં નાનુ મોટુ નુકશાન કરી એક બીજાને મદદગારીઓ કરી પો.કમિ.શ્રી રાજકોટ શહેર નાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય હાલના આરોપીઓ વિરૃધ્ધ **ધી ઈન્ડીયન પીનલ કોડ કલમ–૩૩૭, ૪૨૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબ**ના શિક્ષાને પાત્ર ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરતા, આ કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) સદર કામે ત.ક.અમલદારે ચાર્જશીટ દાખલ કર્યા બાદ આ કામના આરોપીઓને સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવતા આરોપી નં.૧ થી ૩ હાજર થયેલ છે. પરંતુ એક યા બીજા કારણોસર આરોપી નં.૪ નાઓને તેની બજવણી થયેલ નહી. આરોપી નં.૪ નાઓને કોર્ટ સમક્ષ હાજર રખાવવા માટેના શુધ્ધબુધ્ધિ પૂર્વકના તમામ પ્રયત્નો કરેલ હોવા છતા ફરીયાદપક્ષ આરોપી નં.૪ નાઓને હાજર રખાવી શકેલ નથી કે નજીકના ભવિષ્યમાં આરોપી નં.૪ નાઓની જાતહાજરી મળી શકે તેવા સંજોગો જણાતા ન હોઈ જેથી આરોપી નં.૪ નાઓ નાસતા ફરતા હોવાનું માનવાને કારણ રહેલ છે. હાલનો કેસ જૂનો હોઈ, આરોપી નં.૪ નાઓની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો સુરક્ષીત કરવામાં ન આવે તો પછીથી સાહેદો પણ નહિં મળી શકવાની સંભાવના રહેલ અને તેથી ફરીયાદપક્ષનો પુરાવો સુરક્ષીત કરી લેવો ન્યાયોચિત હોવાનું જણાઈ આવે છે. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ અનુસાર જયારે આરોપી નાસતો ફરતો હોય અને તે નજીકના ભવિષ્યમાં મળી આવે તેવા સંજોગો ન હોય ત્યારે આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધી શકાય તેવો પ્રબંધ કરવામાં આવેલ છે. વધુમાં નામદાર હાઈકોર્ટ દ્રારા પણ સરકયુલર નંબર ૨૬૬૮/૨૦૧૬, તારીખ ૦૫–૦૭–૨૦૧૬થી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯, ૩૫૩(૬) મુજબ આવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં કાર્યવાહી ચલાવવા સરકયુલર ઈશ્યુ કરવામાં આવેલ છે. હાથ પરના કેસના સંજોગો તથા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ની જોગવાઈ અને તે કલમનો હેતુ ઘ્યાને લઈ હાલના કેસમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ મુજબ આંક–૧ હેઠળ હુકમ કરી આરોપી નં.૪ ની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

સદર કામે શરતચુકથી આરોપીઓની પ્લી નોંધવાની રહી ગયેલ હોય અને પુરાવો નોંધવામા આવેલ હોય જેથી તા.૦૫/૦૬/૨૦૨૫ ના રોજ આંક–૩૭, આંક–૩૮ તથા આંક–૩૯ થી આરોપીઓની પ્લી નોંધેલ છે. જેમાં આરોપીઓએ તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી આરોપીઓ વિરુધ્ધ આગળની ન્યાયિક કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

**(૩) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–**

**<u>મૌખિક પુરાવો ::–</u>**

| નંબર | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી – રતનભાઈ જીલુભાઈ પરીયા | ૨૬ |
| ૨ | સાહેદ – હંસાબેન સુખાભાઈ પરીયા | ૩૦ |

**દસ્તાવેજી પુરાવો ::–**

| અનુક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૭ |
| ૨ | સ્થાનિક જગ્યાનું પંચનામું | ૨૮ |
| ૩ | હથીયારબંધીનુ જાહેરનામું | ૨૯ |
| ૪ | કલોઝીંગ પુરશીસ | ૩૧ |

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થતા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીઓનુ વિશેષ નિવેદન આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી ન આવતા આરોપીઓનુ વિશેષ નિવેદન પડતુ મુકવામાં આવેલ છે.

**<u>પક્ષકારો તરફે દલીલો</u> :–**

ત્યારબાદ પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ, સદર દલીલોની ચર્ચા પુરાવાના મુલ્યાંકનમાં એક સાથે કરી લેવામાં આવેલ હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે ચર્ચા કરવામાં આવતી નથી.

**(૫) સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે:–**

1. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ પુરવાર કરે છે કે, તા.૨૫/૦૧/૨૦૨૪ ના કલાક–૦૦:૪૫ વાગ્યાના અરસામાં આ કામના આરોપી નં.૧ થી ૪ નાઓ ફરીયાદીના ઘર પાસે શેરીમાં આવી જેમ ફાવે તેમ જાહેરમાં અપશબ્દો બોલી છુટા પથ્થરના ઘા કરી ફરીયાદીના રહેણાંક મકાનની બે ડેલીના દરવાજામા તથા એક એકટીવા મો.સા. નંબર જીજે ૦૩ એનએ ૯૭૨૨ મા તથા બુલેટ મો.સા. નંબર જીજે ૦૩ એલપી ૦૦૨૦ માં નાનુ મોટુ નુકશાન કરી એક બીજાને મદદગારીઓ કરી પો.કમિ.શ્રી રાજકોટ શહેર નાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય **<u>ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૩૭, ૪૨૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબ</u>**ના શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?
2. શું હુકમ ?

**(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**–<u>:: કારણો ::</u>–**

**(૭) <u>મુદ્દા નં. ૧</u> ::–**

ફરીયાદપક્ષે આ કામે આરોપી સામેનો પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૬ થી ફરીયાદી રતનભાઈ જીલુભાઈ પરીયાએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકિકતો જણાવેલ છે કે, કહેવાતો બનાવ આજથી એકાદ વર્ષ

પહેલા બનેલો. બનાવના દીવસે તેઓ સુઈ ગયેલા હતા. દરમયાન રાત્રીના તેઓના દરવાજામાં છુટા ઘાનો અવાજ આવતા તેઓના કાકી જાગી ગયેલા અને તેઓના સભ્યોને જગાડેલ ત્યારે બહાર રોડ ઉપર કોઈક માણસો કાઈક બોલતા હતા અને કોઈક માણસોએ તેઓના પાર્ક કરેલ મો.સા. ૯૭૨૨ તથા ૦૦૨૦ મા કાઈક નુકશાન થયેલુ હતુ. આથી હાલના બનાવ બાબતે તેઓએ ફરીયાદ આપેલી. તેમ જણાવી ફરીયાદ રજુ રાખી તેમાં તેઓની સહી હોવાનુ જણાવે છે. તેઓને આ કેસમાં રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે. આરોપીઓ શેરીમાં જ રહેતા હોવાથી ઓળખે છે. તેઓના મો.સા. મા કોણે શું નુકશાન કરેલ તે હાલ તેઓને ચોકકસ રીતે યાદ નથી.

આમ, આ કામનાં મહત્વના એવા ફરીયાદી જ પોતાની ફરીયાદને અનુરૂપ, ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજુ કરતા ન હોઈ, વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ વિધ્વાન એ.પી.પી.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ આ સાહેદ ફરીયાદ મુજબની તમામ હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરી પોતાની સરતપાસમાં જણાવેલ હકીકતોને ચુસ્ત રીતે વળગી રહેલ છે.

ફરીયાદીની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામા આવેલ નથી.

(૮) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૩૦ થી સાહેદ હંસાબેન સુખાભાઈ પરીયાએ તેણીની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકિકતો જણાવેલ છે કે, કહેવાતો બનાવ આજથી આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. બનાવના દીવસે તેઓ સુઈ ગયેલા હતા. દરમયાન રાત્રીના તેઓના દરવાજામા છુટા ઘાનો અવાજ આવતા તેઓ જાગી ગયેલા અને તેઓના સભ્યોને જગાડેલ ત્યારે બહાર રોડ ઉપર કોઈક માણસો કાઈક બોલતા હતા અને કોઈક માણસોએ તેઓના દીકરાના મો.સા.૯૭૨૨ તથા ૦૦૨૦ મા કાઈક નુકસાન થયેલુ હતુ. આથી હાલના બનાવ બાબતે તેઓના દીકરાએ ફરીયાદ આપેલી. તેઓને આ કેસમાં રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે. આરોપીઓ શેરીમાં જ રહેતા હોવાથી ઓળખે છે. તેઓના દીકરાના મો.સા.માં કોણે શું નુકશાન કરેલ તે હાલ તેઓને ચોકકસ રીતે યાદ નથી.

આમ, આ સાહેદ ફરીયાદીની ફરીયાદને અનુરૂપ, ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજુ કરતા ન હોઈ, વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ વિધ્વાન એ.પી.પી.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ આ સાહેદ ફરીયાદ મુજબની તમામ હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરી પોતાની સરતપાસમાં જણાવેલ હકીકતોને ચુસ્ત રીતે વળગી રહેલ છે.

આ સાહેદની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામા આવેલ નથી.

(૯) આમ, હાલનાં કામે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે ઉપર ચર્ચા કર્યા અનુસાર આ કામનાં મુખ્ય અને મહત્વના કહી શકાય તેવા સાહેદ એટલે કે ખુદ ફરીયાદીએ તથા તેઓના માતાએ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે રાત્રીના ફરીયાદીના કાકી જાગી ગયેલ અને તેઓને ઉઠાડતા બહાર રોડ પર કોઈક માણસો કાઈક બોલતા હતા અને કોઈક માણસોએ તેઓના પાર્ક કરેલ મો.સા. મા કાઈક નુકશાન થયેલ હતુ.

વધુમાં તેઓએ જણાવેલ છે કે તેઓના મો.સા. મા કોણે શું નુકશાન કરેલ તે હાલ તેઓને ચોકકસ રીતે યાદ નથી. આમ, ફરીયાદીએ તથા તેઓના માતાએ તેઓની જુબાનીમાં કોઈક માણસો કાઈક બોલતા હોવાનુ અને કોઈક માણસોએ તેઓના મો.સા. મા નુકશાન કરેલ હોવાનુ જણાવેલ છે અને કોણે શું નુકશાન કરેલ તે યાદ ન હોવાનુ જણાવેલ છે. જેથી આ કામના આરોપીઓ જ બનાવમાં સંડોવાયેલ હતા અને તેઓએ જ ફરીયાદીના મો.સા. માં નુકશાન કરેલ હોય તેવી કોઈ હકિકત ફરીયાદીના તથા તેઓના માતાના પુરાવા થકી રેકર્ડ પર આવતી નથી. આમ ફરીયાદીએ તથા ફરીયાદીના માતાએ ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંક રીતે સાબીત કરી શકેલ નથી. વધુમાં હાલનાં કામે આંક– ૨૮ થી સ્થાનિક જગ્યાનું પંચનામું બચાવપક્ષ ધ્વારા કબુલ કરવામાં આવેલ છે અને તેનાં પણ કોઈ સંલગ્ન પંચ સાહેદોને તપાસીને હાલનો કેસ સાબીત કરવામાં આવેલ ન હોઈ તેમજ અન્ય પણ માની શકાય તેવો કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી પણ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન પ્રાપ્ત થતું ન હોઈ અને તે રીતે ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિ:શંક રીતે સાબીત કરી શકેલ નથી. તદઉપરાત આ કામે બચાવપક્ષની સંમતિથી ફરીયાદપક્ષે આ કામે આંક–૨૯ થી પોલીસ કમિશ્નરશ્રીનુ હથીયારબંધી નુ જાહેરનામુ રજુ રાખેલ છે. પરંતુ આ કામે રજુ થયેલ પોલીસ કમીશનરશ્રીના જાહેરનામાનો યોગ્ય પ્રચાર પ્રસાર થયેલ હોવાનુ તેમજ આરોપીઓ તે જાહેરનામાથી વાકેફ હોવાનો પુરતો પુરાવો આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ ન હોઈ, ત્યારે આ કામે સદરહુ દસ્તાવેજી આધાર માત્ર આંકે પડી જવાથી તે પુરવાર થયેલા માની શકાય નહી તેવુ અત્રેની કોર્ટનુ સ્પષ્ટપણે માનવુ છે.

(૧૦) સદર કામે ફરીયાદપક્ષે રજુ ઉપરોકત તમામ મૌખીક તેમજ દ.પુરાવા ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપવામાં આવેલ ગુના સબંધેની કોઈ હકિકત પુરવાર થતી નથી. વધુમાં આ કામના આરોપી નં.૧ તથા ૩ વિરૂધ્ધ કોઈ ગુનો બનતો હોય તેવી કોઈ હકિકત પ્રથમ દર્શનીય રીતે ફલીત થતી નથી. આ કામના આરોપી નં.૧ તથા ૩ સામે કોઈ ગુનો પુરવાર થતો નથી. સદર કેસ સને–૨૦૨૪ થી પેન્ડીંગ છે. સદર કામે આરોપી નં.૧ તથા ૩ વિરૂધ્ધ કેસની કાર્યવાહી સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ અન્વયે અન્ય આરોપી નં.૪ ની ગેરહાજરીમાં આગળ ચલાવવામાં આવેલ છે. પરંતુ સદર કામે આરોપી નં.૧ તથા ૩ વિરૂધ્ધ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ સંજોગોમાં ભવિષ્યમાં આરોપી નં.૪ મળી આવે તો પણ તેઓને આ પુરાવા આધારે તરસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જેથી આરોપી નં.૪ હાજર થવાની ફોર્માલીટી પુરી કરવા માટે કેસ વધુ સમય માટે પેન્ડીંગ રાખવો ન્યાયોચિત જણાતુ નથી. જયારે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હોય ત્યારે આરોપીની ગેરહાજરીમાં પણ ચુકાદો જાહેર કરી શકાય છે. જેથી તમામ વિગતવારની ચર્ચાને અંતે આ કામે **મુદ્દા નં–૧** નો જવાબ '**નકાર**' માં આપી મુદ્દા નં –૨ સબબ નીચે મુજબનો હુકમ કરૂ છુ.

## –:: આખરી હુકમ ::–

1. આ કામના **આરોપી નં. ૧) કમલેશભાઈ ઉર્ફે કૈલાષ ઉર્ફે કૈલો દોલુભાઈ મોરી,** રહે.જયનગર શેરી નં.૧ ની સામે મ.પરા, હાઉસીંગ બોર્ડના કવાટરથી આગળ, કોઠારીયા મે.રોડ,

રાજકોટ, **નં.૨) વીશાલ હંસરાજભાઈ બેલદાર,** રહે.ભગવતી નીવાસ, શ્રમજીવી સોસા. શેરી નં.૭, પાલન પાનની સામે, ભાવનગર રોડ, રાજકોટ, **નં.૩) વીમલભાઈ રાજેશભાઈ બેલદાર,** રહે.ભગવતી નીવાસ, શ્રમજીવી સોસા.શેરી નં.૭, ચુનારાવાડ, રાજકોટ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે તેની સામેના **ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૩૭, ૪૨૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબ**ના શિક્ષાપાત્ર ગુનામાંથી **"નિર્દોષ"** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

2. આ કામના આરોપી **નં.૪) કરણભાઈ ચુનીલાલ પરમાર,** રહે.ચુનારાવાડ શેરી નં.૧, રામનાથ મંદીર સામે, રાજકોટનાઓ વિરૂઘ્ધ સી.આર.પી.સી. કલમ–૨૯૯ હુકમ થયેલ હોય તેઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૧) સાથે વાંચતા કલમ–૩૫૩(૬) અન્વયે **ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૩૭, ૪૨૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબ**ના શિક્ષાપાત્ર ગુનામાંથી **"નિર્દોષ"** નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.
3. ક્રિ.પ્રો.કોડની. કલમ–૪૩૭ (એ) હેઠળ પ્રત્યેક આરોપીએ રૂા.૫,૦૦૦/– ના સઘ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકો રજુ કરવા. જો આરોપી તે જામીન તથા જાતમુચરકા રજુ ન કરે તો અગાઉ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા હવે પછી છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.
4. આરોપી તર્ફે નવા જામીન રજુ કર્યેથી અગાઉ રજુ થયેલ જાત મુચરકા તથા જામીન ખત રદૃ ગણવા.

આ હુકમ આજરોજ **તા.૧૨, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૨/૦૯/૨૦૨૫** **(જયશ્રી પી. ગોયલ)**

**રાજકોટ.** **૯ માં એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**રાજકોટ.**
**(JUDGE CODE GJ01773)**